**Judgment**

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૯/૧૧/૨૦૧૬ | | |
| રજીસ્ટર તારીખ | : | ૨૯/૧૧/૨૦૧૬ | | |
| ફેંસલ તારીખ | : | ૨૫/૦૮/૨૦૨૩ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૬ | ૦૮ | ૨૭ |

---

## મે.ગાંધીનગરના ૮માં એડી. સીનીયર સીવીલ જજ શ્રીની કોર્ટમાં, મું. ગાંધીનગર

---

**સ્પે.દિ.મુ.નં.૨૧૭/૨૦૧૬**
**આંક –**

**વાદી :–** (૧) રાવળ મેલાભાઈ નથુભાઈ
(૨) રાવળ હીરાભાઈ મેલાભાઈ
(૩) રાવળ ખોડાભાઈ આત્મારામ
(૪) રાવળ ઈશ્વરભાઈ આતાભાઈ
(૫) રાવળ દશરથભાઈ મગાભાઈ
(૬) રાવળ શંકરભાઈ રામાભાઈના વારસ કાંતાબેન શંકરભાઈ
(૭) રાવળ મંગાભાઈ રામાભાઈ
(૮) રાવળ પીન્ટુભાઈ સેધાભાઈ
(૯) રાવળ સેધાભાઈ કાળાભાઈ
(૧૦) રાવળ વિક્રમભાઈ કાળાભાઈ
(૧૧) રાવળ રુખીબેન રામાભાઈના વારસ મંગાભાઈ રામાભાઈ
(૧૨) રાવળ રમેશભાઈ મંગાભાઈ
(૧૩) રાવળ શૈલેષભાઈ શંકરભાઈ
(૧૪) રાવળ જોવાભાઈ મહીજીભાઈના વારસ ડાહીબેન જીવાભાઈ
(૧૫) રાવળ સોમાભાઈ રામાભાઈના વારસ મઘીબેન સોમાભાઈ
(૧૬) રાવળ રોહીતભાઈ સેધાભાઈના વારસ સેજલબેન રોહીતભાઈ
(૧૭) રાવળ કાળાભાઈ સોમાભાઈના વારસ શકરીબેન કાળાભાઈ

(૧૮) રાવળ શંભુભાઈ ભલાભાઈ
(૧૯) રાવળ બુધાભાઈ રમણભાઈ
(૨૦) રાવળ ગુગાભાઈ મહીજીભાઈ
(૨૧) રાવળ હંશાબેન ગુગાભાઈ
(૨૨) રાવળ અરજણભાઈ કાળાભાઈ
(૨૩) રાવળ ભલાભાઈ અંબારામ
(૨૪) રાવળ સુરેશભાઈ સોમાભાઈ
(૨૫) રાવળ સંગીતાબેન મુકેશભાઈ
(૨૬) રાવળ સંજયભાઈ દશરથભાઈ
(૨૭) રાવળ રાજુભાઈ ઈશ્વરભાઈ
(૨૮) રાવળ અજયભાઈ ખોડાભાઈ
(૨૯) રાવળ વિજયભાઈ વિક્રમભાઈ

તમામ ઉ.વ. પુખ્ત, ધંધો– ખેત મજુરી
તમામ રહે. પીરોજપુર, રાવળવાસ, તા.જી. ગાંધીનગર

## વિરુધ્ધ

**પ્રતિવાદી:–** (૧) એમ.ડી. સાહેબશ્રી
ગીફ્ટ સીટી પ્રોજેક્ટ, ગીફ્ટ સીટી, રતનપુર
(૨) જીલ્લા કલેક્ટર સાહેબશ્રી,
ગાંધીનગર
(૩) મુખ્ય ઈજનેર સાહેબશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
પાટનગર યોજના ભવન, ગાંધીનગર

| | |
|---|---|
| **વિષય** | **દાવો રૂા.૧૦૦૦/– ના આંકથી ડેકલેરેશનનો હુકમ મેળવવા તથા રૂા. ૧૦૦૦/– ના આંકથી કાયમી મનાઈ હુકમ મેળવવા બાબત...** |

---

| | |
|---|---|
| વાદી તર્ફે | – વિધ્વાન વકીલશ્રી.પી.પી.બીહોલા |
| પ્રતિવાદી તર્ફે | – નં.૧. વિધ્વાન વકીલશ્રી એ.કે.પંડયા<br>નં.૨ અને ૩ તરફે કોઈ નહી. |

---

## :: જજમેન્ટ ::

૧. વાદીની દાવા અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓ ઉપરોકત ટાઈટલમાં બતાવેલ સરનામે રહે છે અને વાદીઓની મીલકતો મોજે પીરોજપુર તા.ગાંધીનગર ખાતે આવેલી છે. જેમાં વાદી નં.૧ ની મીલકત નં.૨૦૦ માટીના નાળીયાવાળુ મકાન, વાદી નં. ૨ ની મીલકત નં.૬૯૧ ઈંટ પતરાવાળુ મકાન, વાદી નં.૩ ની મીલકત નં.૨૦૧ ઈંટ નાળીયાનુ મકાન, વાદી નં.૪ ની મીલકત નં.૨૦૨ ઈંટ નાળીયાનુ મકાન, વાદી નં.૫ ની મીલકત નં.૧૬૩ થી મકાન તથા મકાનની ખુલ્લી જમીન, વાદી નં.૬ ની મીલકત નં.૧૬૫ થી મકાન, વાદી નં.૭ ની મીલકત નં.૧ ૬૩ થી મકાન તથા મીલકત નં.૧૯૬ થી ઈંટ પતારાનુ મકાન, વાદી નં.૮ ની મીલકત નં.૬૮૭ થી કાચુ છાપરુ, વાદી નં.૯ ની મીલકત નં.૨૩૭/૨ થી માટીનુ મકાન, વાદી નં.૧૦ ની મીલકત નં.૨૩૭/૯ થી ઈંટ પતરાનુ મકાન, વાદી નં.૧૧ ની મીલકત નં.૧૯૪ થી ઈંટ નાળીયાનુ મકાન, વાદી નં.૧૨ ની મીલકત નં.૧૯૩/૨ થી ખુલ્લી જમીન, વાદી નં.૧૩ ની મીલકત નં.૭૪૭ થી કાચુ છાપરુ તથા વાદી નં.૧૪ ની મીલકત નં.૭૪૫ થી કાચુ છાપરુ, વાદી નં.૧૫ ની મીલકત નં.૧૯૭ થી ઈંટ પતરાનુ મકાન, વાદી નં.૧૬ ની મીલકત નં.૭૪૮ થી ઈંટોનુ કાચુ છાપરુ, વાદી નં.૧૭ ની મીલકત નં.૧૯૫ થી ઈંટ નાળીયાનુ મકાન, વાદી નં.૧ ૮ ની મીલકત નં.૧૯૩ થી ઈંટ નાળીયાનુ મકાન, વાદી નં.૧૯ ની મીલકત

નં.૬૮૯ થી કાચુ મકાન, વાદી નં.૨૦ ની મીલકત નં.૬૮૫ થી ઈંટ પતરાનુ મકાન, વાદી નં.૨૧ ની મીલકત નં.૬૮૬ થી ઈંટ પતરાનુ મકાન, વાદી નં.૨૨ ની મીલકત નં.૨૩૭ થી માટીનુ મકાન તથા મીલકત નં.૭૩૯ થી કાચુ છાપરુ, વાદી નં.૨૩ ની મીલકત નં.૧૯૩ થી ઈંટ નાળીયાનુ મકાન, વાદી નં.૨૪ ની મીલકત નં.૭૪૬ થી કાચુ છાપરુ તથા વાદી નં.૨૫ ની મીલકત નં.૬૯૦ થી કાચુ છાપરુ, વાદી નં.૨૬ ની મીલકત વાડાની ખુલ્લી જમીન તથા વાદી નં.૨૭ ની મીલકત વાડાની ખુલ્લી જમીન, વાદી નં.૨૮ ની વાડાની ખુલ્લી જમીન તથા વાદી નં.૨૯ ની વાડાની ખુલ્લી જમીન આવેલ છે. જેનુ ખુંટ વર્ણન ઉત્તરે– ગીફ્ટ સીટીની દીવાલ, દક્ષીણે – વલાદ ગામ, પુર્વે– પીરોજપુર ગામ, પશ્ચિમે નદી તથા કોતરો આવેલી છે. '' ઉપરોકત ખુંટ વર્ણનની અંદર રહેલ મીલકતને સળરતા ખાતર આગળ હવે દાવાવાળી મીલકત તરીકે સંબોધવામાં આવેલ છે.'' વાદીએ દાવા અરજીમાં સદર મીલકતનું દાવાવાળી મીલકત તરીકે બતાવેલ છે.

**૧.૧** ઉપરોકત દાવાવાળી મીલકતો મોજે પીરોજપુર ગામે ગામ તળમાં આવેલી છે અને આશરે ૩૦૦ વર્ષ ઉપરાંતથી વડીલો વખતથી ગામ તળમાં રાવળવાસનું નીર્માણ થયેલુ ત્યારથી સદર મીલકત ઉપર પેઢી દર પેઢી વાદીઓ કબજો ભોગવટો ધારણ કરતાં આવેલા છે અને હાલમાં પણ વાદીઓના કબજા ભોગવટામાં આવેલ છે.

**૧.૨** હાલમાં પીરોજપુર ગામ ખાતે સરકારે ગીફ્ટ સીટી પ્રોજેકટ મુકેલ હોય જેના ભાગ રુપે કોબા બ્રીજનુ નીર્માણ થવા પામેલ છે તેનો એક છેડો વાદીઓની દાવાવાળી મીલકતના ભાગને અસર કરે તે રીતે બ્રીજ તૈયાર થયેલ હોય પ્રતિવાદીઓનો ઈરાદો કોઈપણ જાતની ન્યાયીક પ્રક્રીયા કર્યા સીવાય વાદીઓને વળતર આપ્યા સીવાય મકાનો દુર કરી બ્રીજનો રસ્તો બનાવવાનો રહેલો

છે અને તેવા કારણે છેલ્લા અઠવાડીયાથી પ્રતિવાદીઓ વાદીઓની મીલકતો તોડી પાડવાની તથા રસ્તાઓ બનાવવાની ધમકીઓ આપેલી છે. જેથી વાદીઓને હાલનો દાવો કરવાનુ કારણ ઉપસ્થિત થયેલ છે જેથી વાદીઓએ હાલનો દાવો કરી દાવા અરજીના પેરા નં.૬ માં એવી દાદ માંગેલી છે કે પ્રતિવાદીઓ ન્યાયીક કાર્યવાહી કરી મીલકતોના માપ મુજબ વાદીઓને જરુરી વળતર ચુકવી આપે નહી ત્યાં સુધી દાવાવાળી મીલકતના કબજામાં પ્રતિવાદીઓને અધિકાર નથી તેવુ ઠરાવી આપો તથા પ્રતિવાદીઓ દાવાવાળી મીલકતનો કબજો લે લેવડાવે નહી અને ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે કરાવે નહી કે વાદીઓના કબજા ભોગવટામાં અડચણ કે રુકાવટ કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમની માંગણી કરેલી છે.

**૨.** હાલના દાવાના કામે પ્રતિવાદીઓને સમંસ કરતાં પ્રતિવાદી નં.૧ તરફે વિ.વ.શ્રી એ.કે.પંડયા મારફતે હાજર થઈ આંક–૧૨ થી લેખીત જવાબ રજુ કરી વાદીની દાવા અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે પ્રતિવાદી નં.૧ ગુજરાત સરકાર મહેસુલ વિભાગના ઠરાવ મુજબ મોજે રતનપુર, પીરોજપુર, શાહપુર અને વલાદની સરકારી પડતર તેમજ ગૌચરની કુલ–૬૬૨ એકર જમીનનો ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટી કંપની લીમીટેડના નામથી ગીફ્ટ સીટીના પ્રોજેકટના વિકાસ માટે આપેલ છે. જે ઠરાવની અંદર આ કામના વાદીઓની જમીન આવરી લેવામાં આવેલ નથી. જેથી દાવાવાળી મીલકતો પ્રતિવાદી નં.૧ દ્વારા તોડી પાડવાનો કે કબજે લેવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ વાદીઓને અમો પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ દાવો કરવાનુ કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. જેથી વાદીની દાવા અરજી ખર્ચ સહીત નામંજુર કરવા અરજ કરેલી છે.

જયારે કે પ્રતિવાદી નં.૨ નાઓને સમંસ બજી ગયેલ હોવા છતાં તેઓ હાજર ન થતાં તેમની સામે તા.૦૪/૦૭/૨૦૧૭ ના રોજ હાલનો દાવો એક તરફી

ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે તથા પ્રતિવાદી નં.૩ હાજર થયેલા પરંતુ જવાબ રજુ કરેલ ન હોવાથી તેમના જવાબનો હક બંધ કરવામાં આવેલ છે.

૩. હાલના દાવાના ન્યાય નિર્ણય અર્થે મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ તા.૦૬/૧૨/૨૦૧૭ ના રોજ આંક–૧૯ થી મદૃાઓ ઘડેલા છે જે નીચે મુજબ છે.

## : મુદૃાઓ :

1. Whether the plaintiff proves that he is in possession of the disputed land?

2. Whether the plaintiff proves that defendant has tired to illegally demolish the property of plaintiff and trying to create road at disputed land?

3. Whether the defendant proves that the defendant has got the land from Government and which is not the land of plaintiffs?

4. Whether the defendant proves that plaintiff has got no cause action to file this suit against defendant?

5. Whether the plaintiff are entitled to get the relief as claimed?

6. What order and decree ?

૪. ઉપરોકત મુદૃાઓના મારો નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. નકારમાં.

૩. હકારમાં.

૪. હકારમાં.

૫. નકારમાં.

૬. આખરી હુકમ મુજબ.

**૫.** આ દાવાના કામે વાદી તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

## **વાદી તરફે રજુ  થયેલ મૌખિક પુરાવા :-**

| અ.નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૨૯ | વાદી નં.૧ રાવળ મેલાભાઈ નાથુભાઈની જુબાની |
| ૨ | ૪૪ | મોદી દીલીપકુમાર, તલાટી પીરોજપુર |

## **વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા :-**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત | તારીખ |
|---|---|---|---|
| ૧ | ૩૧ | દાવાવાળી મીલકતોનુ આકારણી પત્રક | |
| ૨ | ૩૨ | દાવાવાળી મીલકતોનુ વીજ વપરાશ બીલ | |
| ૩ | ૩૩ | દાવાવાળી મીલકતોનુ વેરા બીલ | |
| ૪ | ૪૫ | પીરોજપુર ગ્રામ પંચાયતના લેટર પેડ ઉપર કરેલ ઠરાવ | ૩૦/૦૯/૨૦૧૬ |
| ૫ | ૪૬ | પીરોજપુર ગ્રામ પંચાયતના લેટર પેડ ઉપર કરેલ ઠરાવ | ૩૦/૦૯/૨૦૧૬ |
| ૬ | ૪૭ | સ્થળસ્થિતીનુ રોજકામ | ૧૭/૦૯/૨૦૧૬ |
| ૭ | ૪૮ | પંચ રોજ રોજકામની નકલ | ૨૦/૦૯/૨૦૧૬ |
| ૮ | ૬૬ | કોર્ટ કમીશ્નર દ્રારા કરવામાં આવેલ પંચનામુ | |
| ૯ | ૬૭ | કોર્ટ કમીશ્નર દ્રારા બનાવવામાં આવેલ નકશો | |
| ૧૦ | ૫૦ | વાદી તરફે પુરાવા બંધની પુરશીશ | |
| ૧૧ | ૬૨ | વાદી તરફે લેખીત દલીલ | |

**૬.** ત્યારબાદ પ્રતિવાદી નં.૧ તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

## પ્રતિવાદી નં.૧ તરફે રજુ  થયેલ મૌખિક પુરાવા :–

| અ.નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૫૭ | અવિચલ ખેરા નાઓની સોગંદ ઉપરની જુબાની |

## પ્રતિવાદી નં.૧ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત | તારીખ |
|---|---|---|---|
| ૧ | ૫૯ | ગુજરાત સરકાર મહેસુલ વિભાગ દ્વારા ઠરાવ ક્ર માંક–જમન/૨૨૨૦૦૭/૧૯૬૬/અ.૧ | ૨૨/૦૩/૨૦૧૧ |
| ૨ | ૬૦ | કલોઝીંગ પુરશીશ | |

નોંધ:– જયારે કે પ્રતિવાદી નં.૨ અને ૩ તરફે કોઈ જવાબ કે પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**૭.** ઉપરોકત મુદ્દાઓના નીર્ણય માટેના મારા કારણો નીચે મુજબના છે:

## : કારણો :

### મુદ્દા નંબર.૧ અંગેની ચર્ચા :–

૮. વાદીએ દાવા અરજીમાં એવી હકીકત જણાવેલી છે કે પ્રતિવાદીઓ ગીફટસીટીના વિકાસના ભાગ રુપે કોબા બ્રીજનુ નીમાર્ણ કરેલ છે જેનો એક છેડો વાદીઓની દાવાવાળી મીલકતને અસર કરે છે. તેમજ પ્રતિવાદીઓનો ઈરાદો કોઈપણ જાતની ન્યાયીક પ્રક્રીયા સીવાય વાદીઓને કોઈપણ જાતનુ વળતર આ પ્યા સીવાય વાદીઓના મકાનો દુર કરી બ્રીજનો રસ્તો બનાવવાનો રહેલો

છે અને તે મુજબ વાદીએ આંક-૨૯ થી સોગંદ ઉપર જુબાની આપેલી છે. જેમાં પણ ઉપરોકત હકીકતનુ પુનરાવર્તન કરેલ છે.

જયારે કે ઉલટ તપાસમાં વાદી જણાવે છે કે દાવાવાળી મીલકત પંચાયતની મીલકત છે અને ગૌચર વાળી જમીન છે. અમને એવુ લાગે છે કે દાવાવાળી જગ્યા ભવિષ્યમાં ગીફટસીટી સંપાદન કરશે.

વાદીએ દાવા અરજીમાં જે મીલકતને દાવાવાળી મીલકત તરીકે દર્શાવેલ છે તે મીલકત બાબતે પ્રતિવાદી નં.૧ નાઓ પોતાના લેખીત જવાબમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે દાવાવાળી મીલકતનુ ઠરાવની અંદર સમાવેશ થતો નથી જેથી દાવાવાળી મીલકતો તોડી પાડવાના કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દાવાવાળી મીલકતો વાદીઓને કબજા ભોગવટામાં આવેલ હોવાની હકીકત બીનતકરારી છે. જેથી સદર મુદ્દા નં.૧ નો જવાબ ''હકારમાં'' આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર.૨ અંગેની ચર્ચા :-</u>**

૯. દાવાવાળી મીલકત ઉપર આવેલ મકાનો તોડી પાડવાનો પ્રતિવાદીઓનો ઈરાદો હોવા અંગે વાદીઓએ કોઈ જ પુરાવો રજુ કરેલ નથી. પ્રતિવાદી નં.૧ આંક-૧૨ વાળા લેખીત જવાબમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે અમો પ્રતિવાદી નં.૧ ને વાદીઓની દાવાવાળી મીલકત બાબતે કોઈપણ જાતનુ હીત સંબંધ નથી.

વાદીની દાવા અરજીની હકીકત ધ્યાને લેતાં વાદીઓએ હાલનો દાવો ફકત પ્રતિવાદીઓ વિરુધ્ધ ફકત શંકાના આધારે લાવેલ હોવાનુ જણાઈ આવે છે. જેથી સદર મુદ્દા નં.૨ નો જવાબ ''નકારમાં'' આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર.૩ અને ૪ અંગેની સંયુકત ચર્ચા :-</u>**

**૧૦.** હાલના દાવાના કામે પ્રતિવાદી નં.૧ આંક-૫૭ થી રજુ કરેલ સોગંદ ઉપરની જુબાની તથા આંક-૫૯ થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં તેઓને સરકારશ્રી તરફથી જમીનો ફાળવવામાં આવેલી છે. જે જમીનોનો સમાવેશ દાવાવાળી જમીનમાં થતો નથી. તેમજ પ્રતિવાદી નં.૧ ના જવાબ મુજબ દાવાવાળી જમીન સાથે તેમને કોઈ લેવાદેવા નથી.

**૧૧.** દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓએ વાદીના કબજા ભોગવટામાં કોઈ હરકત કે અંતરાય કરેલ હોય તેવો કોઈ પુરાવો વાદીઓએ રજુ કરેલ નથી. વધુમાં પ્ર તિવાદીઓનો ઈરાદો દાવાવાળી જમીન કાયદાની પ્રક્રીયા અનુસર્યા વીના મેળવવાનો હોય તે અંગેનો પણ કોઈ જ પુરાવો વાદીઓએ રજુ કરેલ નથી. વાદીઓએ હાલનો દાવો પ્રતિવાદીઓ સામે ફકત શંકાને આધારે કરેલ હોવાનુ સ પષ્ટપણે જણાઈ આવે છે. પ્રતિવાદીઓ જયારે વાદીઓના કબજા ભોગવટાની દાવાવાળી મીલકતમાં કોઈ જ બાંધકામ કરેલ ન હોય કે વાદીઓને કબજા ભોગવટામાંથી દુર કરવાનો કોઈ જ પ્રયત્ન કરેલ ન હોય તે સંજોગોમાં પ્રતિવાદીઓ વિરુધ્ધ હાલનો દાવો લાવવાનુ કોઈ જ કારણ ઉપસ્થિત થતુ નથી તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે. જેથી ઉપરોકત મુદ્દા નં. ૩,૪ નો જવાબ ''હકારમાં'' આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર.પ અંગેની ચર્ચા :-</u>**

**૧૨.** ઉપરોકત મુદ્દા નં.૩ અને ૪ માં કરવામાં આવેલ ચર્ચા મુજબ વાદીઓએ જયારે પ્રતિવાદીઓ વિરુધ્ધ હાલનો દાવો કરવાનુ કોઈ જ કારણ ઉપસ્થિત થતુ ન હોય તેમજ પ્રતિવાદીઓએ દાવાવાળી મીલકતોમાં વાદીઓના

કબજા ભોગવટામાં કોઈ હરકત કે અંતરાય કરેલ ન હોય કે ગેરકાયદેસર રીતે કબજો લેવાનો પ્રયત્ન કરેલ ન હોય તે સંજોગોમાં વાદીએ માંગ્યા મુજબની દાદ મંજુર કરી શકાય નહી. જેથી ઉપરોકત મુદ્દા નં. ૫ નો જવાબ ''નકારમાં'' આપી મુદ્દા નંબર–૬ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ અને હુકમનામુ કરવામાં આવે છે.

## **<u>: હુકમ :</u>**

૧. આથી વાદીનો હાલનો દાવો નામંજુર યાને રદ્દ કરવામાં આવે છે.

૨. દાવાનો તમામ ખર્ચ વાદીએ ભોગવવો.

૩. હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ–૨૫ મી માહે ઓગસ્ટ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૫/૦૮/૨૦૨૩.
ગાંધીનગર

(અનુરાગ રાજેન્દ્રપ્રસાદ દ્વિવેદી)
૮માં એડી. સીની. સીવીલ જજ,
ગાંધીનગર, GJ 01183

**GKC**